## સેક્ટર-૩-એ-ન્યૂના બગીચામાં લાઈટનો અભાવ... વડીલો ને બાળકો નાખુશ...

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના ઘ-૧ પાસેના સેક્ટર-૩-એ-ન્યૂ ના બગીચામાં છેલ્લા ઘણા સમયથી લાઈટ જ નથી. નાના નાના ભૂલકાઓને વેકેશન પડ્યું ત્યારે બાળકો રાત્રે બેસવા કે રમવા બગીચો પસંદ કરે છે. પણ, સેક્ટર-૩-એ-ન્યૂના બગીચામાં એક પણ લાઈટ ચાલુ ન હોવાથી સ્થાનિક વડીલો અને બાળકો સંધ્યા રાત્રિ દરમ્યાન તેનો લાભ લઈ શકતા નથી.

બળબળતા ઉનાળામાં દિવસે બાળકોને વડીલો ઘરની બહાર કાઢતા નથી. નિકળવા દેતા નથી. બાળકો મોટા ભાગે સંધ્યાના સમયે બગીચામાં રમવા જાય છે. બગીચો બાળકોને પ્રિય હોય છે. સિનિયર સિટીઝન્સ પણ સંધ્યા સમયે હમઉંમર ધરાવતા મિત્રો સાથે વાતચીત કરવા બગીચામાં આવવાનું પસંદ કરે છે. સેક્ટર-૩-એ-ન્યૂ ના સિનિયર સિટીઝન્સ અને બાળકો પોતાના હળવાસની પળોને બગીચામાં માણી શકે તેમ રહ્યું નથી. કારણ કે છેલ્લા ઘણા સમયની આ સેક્ટરના બગીચાની બધી લાઈટો બંધ છે. સંધ્યા સમયે તથા રાત્રિ દરમિયાન અંધારપટ હોવાથી બાળકો કે વડીલો આ બગીચામાં આવવાનું ટાળે છે. તંત્ર દ્વારા સુંદર બગીચો તૈયાર કરવામાં આવ્યો છે. પણ તેમાં લાઈટ ન હોવાથી સ્થાનિકજનો નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

## આજથી ગ્રીનસીટીમાં રામ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૮

શ્રી રામકથા સમિતિ ગાંધીનગરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરના સેક્ટર-૨૬માં આવેલા ગ્રીનસીટી હનુમાનજી મંદિરે આજે તા. ૯મી મે-૨૦૧૨ થી શ્રી રામકથાનો પ્રારંભ થશે.

સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શ્રી રામકથા નિયમિત રાત્રે ૮ કલાકે શ્રી હનુમાનજી મંદિર, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતે યોજાશે. આજે રાત્રે ૮ કલાકે સાઈધામ, પ્લોટ નં. ઈ-૧૮, ગ્રીનસીટી, સેક્ટર-૨૬ ગાંધીનગર ખાતેથી પોથીયાત્રા નિકળશે જે હનુમાનજી મંદિર ખાતે કથા સ્થળે પહોંચશે. તેમાં સર્વે ભક્તોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ૯મીથી પ્રારંભાયેલી શ્રી રામકથાની પૂર્ણાહુતિ ૧૭મી મે-૨૦૧૨ને ગુરૂવારે થશે. નવ દિવસના આ ભક્તિમય કથા શ્રવણમાં સૌ ભક્તજનોને પધારવા ખાસ જણાવાયું છે.

## બાયો-મેડિકલ વેસ્ટ નિયમો ૧૯૯૮ના પાલન જોગ

ગાંધીનગર, તા. ૮

આથી સુચના આપવામાં આવે છે કે, રાજયના ચિકિત્સાલય, પરિચર્યાગૃહ (નર્સિંગહોમ), નિદાનગૃહ, દવાખાનું, પશુજૈવિક સંસ્થા, પશુગૃહ, રોગવિજ્ઞાનવિષયક (પેથોલોજિકલ) પ્રયોગશાળા, રુધિરાગાર (બ્લડ બેંક)(સહિતની તથા અન્ય કોઈપણ નામથી ઓળખાતી બાયોમેડિકલ કચરો ઉત્પન્ન કરતી સંસ્થાના જવાબદાર વ્યક્તિ તેમજ આવો કચરો એકત્ર કરતી, પ્રાપ્ત કરતી, સંગ્રહ કરતી, પરીવહન કરતી, માવજત (ટ્રીટમેન્ટ) કરતી, નિકાલ કરવાની સુવિધા વગેરેના સંચાલકોએ બાયોમેડિકલ વેસ્ટ (વ્ય. તથા જા.) નિયમો ૧૯૯૮, (as amended upto 2003) હેઠળ ફરજીયાતપણે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પાસેથી ઓથોરાઈઝેશન મેળવવાનું રહે છે.

ઉપર જણાવેલ તમામ જગ્યાઓ ગેરકાયદેસર રીતે ઓથોરાઈઝેશન વિના કાર્યરત જણાશે તો તેની સામે અત્રેની કચેરી દ્વારા કાયદાકીય પગલા લેવામાં આવશે જેની ગંભીરતાથી નોંધ લેવા વિનંતી છે.

## ચ-૨ સર્કલે પાણી જ પાણી...વગર ચોમાસે ચોમાસું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના કેટલાક વિસ્તારો પર તંત્રની નજર ન જ પડતી હોય તેમ કાર્યવાહી ચાલે છે. હમણાં-હમણાં ચ-૨ સર્કલ પાસે નીચાણવાળા ભાગમાં પાણી લીકેજ થવાથી રોડ ઉપર પાણી જ પાણી થઈ જાય છે. વગર ચોમાસે પાણીની રેલમછેલ દેખાય છે.

ચ-૨ સર્કલના નીચેના ભાગે પાણીની પાઈપ પસાર થાય છે. પાઈપ લીકેજ હોવાથી પાણી રોડ ઉપર આવે છે. રોડ ઉપર પાણી આવતા ચારે બાજુ પાણી જ પાણી થઈ જાય છે. કેટલાક વાહન ચાલકો તો પાણીના લીધે વાહન પરનો કાબૂ ગુમાવી દે છે. કયારેક પડી પણ જાય છે. પાણીની આવી રેલમછેલ હકીકતે પાણીનો મોટો બગાડ જ છે. તંત્રને આ બાબતે જાણ છે કે કેમ તે પણ એક મોટો પ્રશ્ન છે? તેમ છતાં, ચ-૨ સર્કલનો નીચેનો ભાગ છેલ્લા ઘણા સમયથી વગર ચોમાસે ચોમાસા જેવો બની ગયો છે...

## આજે સેક્ટર-૨૧માં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના જાણીતા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૯મી મે-૨૦૧૨ને બુધવારે બપોરે ૩ કલાકે પ્લોટ નં. ૭૪૧, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે. ગાંધીનગરના સર્વે રામભક્તોને આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

## ગ્રામકક્ષાએ રાષ્ટ્રીયકૃત બેન્કોમાંથી પેન્શન મેળવવા રજૂઆત

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજય નિવૃત કર્મચારી મંડળ, ગાંધીનગર દ્વારા હાલમાં પેન્શનરોને તાલુકા કક્ષાએ બેંકમાં પેન્શન લેવા જવાની ફરજ પડે છે. કેટલીક જગ્યાએ ઉંમરલાયક વૃદ્ધો પાસેથી પેન્શન પણ ઝુંટવી લેવાનો બનાવો બનેલ છે. આવા સંજોગોમાં ગ્રામવિસ્તારની રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી પેન્શન મળે તેવી સુચના દરેક તિજોરી અધિકારીને આપે તો વતનમાં પેન્શનરોને પેન્શન મેળવી શકે. આ અંગે નિયામકશ્રીને પત્ર પાઠવી રાષ્ટ્રીયકૃતમાં બેંકમાં પેન્શનરોને પેન્શન મળે તેવી વ્યવસ્થા ગોઠવવા જિલ્લા તિજોરી અધિકારી અમલ કરે. પેન્શનરો પ્રત્યે સદ્ભાવના બનાવે તે જરૂરી છે.

સાબરકાંઠા જિલ્લામાં આવેલી દેના બેંકમાં પેન્શનરોના દવાના બિલ જમા થાય છે. ત્યારે તેમાંથી રકમ કાપવામાં આવે છે. તાત્કાલિક રકમ કાપવાની બંધ કરવી જરૂરી છે.

## સગીરા પર બળાત્કાર ગુજારવાના કેસમાં પોલીસે એકની ધરપકડ કરી

### સે-૮ની સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજાર્યો હતો

ગાંધીનગર, તા.૮

સે-૮માં રહેતી એક સગીરાનું અપહરણ કરી તેના પર બળાત્કાર ગુજારવાના કેસમાં સે-૭ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સે-૮માં રહેતી સગીરા ગત તા. ૬ મે ના રોજ લાપતા થતા તેણીના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી પરંતુ શોધખોળના અંતે સગીરાની ભાળ ન મળતા આ મામલે પોલીસને સંપર્ક કરતા પોલીસે જાણવા જોગ નોંધી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ગઈકાલે બપોરે સગીરા પોતાના ઘરે પરત ફરતા તેણીના પરિવારજનોને હાશકારો થયો હતો. આ મામલે સગીરાની માતાએ પોલીસ સમક્ષ હકીકત બયાન કરતા સગીરાની માતાની ફરિયાદના અનુસંધાને પોલીસે સે-૮માં રંગમંચ પાછળ રહેતા રાજુ દાનાભાઈ મકવાણાની ધરપકડ કરી હતી. આરોપીએ સગીરાને બળજબરીપૂર્વક બાઈક પર બેસાડી રાત્રિ દરમિયાન સે-૧૨માં લઈ જઈને તેણી પર બળાત્કાર ગુજાર્યો હોવાની હકીકત સામે આવી હતી.સે-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સી.કે. ખરાડીએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર જિલ્લાની હોટેલોમાં રોકાણ કરનારા મુસાફરોએ ફોટો ઓળખ કાર્ડ રજૂ કરવા પડશે

ગાંધીનગર, તા. ૮

અમદાવાદ શહેરી વિસ્તારમાં તા.૨૬/૭/૦૮ તથા મુંબઈ શહેરમાં તા૨૬/૧૧/૦૮ ના રોજ થયેલ આતંકવાદી હુમાલાના અનુસંધાને વાહન, હોટલ ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યકિતઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોકત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગર જિલ્લો, ફોજદારી કાર્યરીતી અધિનિયમ - ૧૯૭૩ ની કલમ - ૧૪૪ થી મળેલ અધિકારની રૂઈએ ગાંધીનગર જિલ્લાની હુકમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહારપાડેલ છે.

જિલ્લાની હોટલ/ ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવામાં આવે દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચિત/ સગા / ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન / મોબઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાતપણે કરાવવી તેમજ હકકીત નોંધાવવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયન્સન્સ, કચેરીનું ઓળખકાર્ડ વિગેરે ) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી હોટલના દફતરમાં રાખવી. તમામ ગાંધીનગર જિલ્લાની હદમાં આવતા ગાંધીનગર જિલ્લાના વિસ્તારોની હોટલ / ગેસ્ટ હાઉસોના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઈપણ -કારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યકિતને સુ-ત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાની હદમાં આવતા ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં આવેલ હોટલો/ ગેસ્ટ હાઉસો/ધાબાના માલિક તથા મેનેજર/ તમામ કર્મચારીઓના નામ, સરનામું નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ/ ગેસ્ટહાઉસ કયા કયા સ્થળે આવેલ છે, તેમના માલિક / મેનેજર / સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી. ગેસ્ટ હાઉસમાં રોકાનાર યાંત્રિક જે વાહન લઈને આવેલ હોય તે વાહન તથા તેના રજીસ્ટ્રેશન નંબરની નોધ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં કરવી આ હુકમ તા.૦૮/૦૫/૨૦૧૨ થી તા.૦૬/૦૮/૨૦૧૨ સુધી બન્ને દિવસો સહિત દિવસ ૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

## માણસા તાલુકાના ઈન્દ્રપુરા ગામમાં કૃષિ મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઈન્દ્રપુરા ગામમાં તા. ૭ મે-૨૦૧૨ના રોજ આયોજિત કૃષિ મહોત્સવના સાંજના સુમારેના કાર્યક્રમમાં રાજયના કૃષિ અને સહકાર મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીએ ઓંચિતી મુલાકાત લીધી હતી. ઈન્દ્રપુરા ગામના ખેડૂતો સાથે રાજય સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવવા શરૂ કરેલા કૃષિ મહોત્સવના કાર્યક્રમની જાત માહિતી મેળવી હતી. આ કાર્યક્રમ અંગેના ખેડૂતોના -તિભાવ લીધા હતાં. તેમજ કૃષિ રથ, -દર્શન સ્ટોલની મુલાકાત લીધી હતી. રાજયના મુખ્ય મંત્રીશ્રીનો ખેડૂતો સાથેનો સંવાદ એલઈડી પર ખેડૂતો વચ્ચે બેસી નિહાળ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં ઉનાવા ગામ ખાતેથી તા.૬ મે-૨૦૧૨ના રોજથી સમગ્ર જિલ્લા કક્ષાના કૃષિ મહોત્સવનો -ારંભ કરવામાં આવ્યો હતો. તાલુકા પંચાયતની સીટ માંથી એક ગામમાં કૃષિ મહોત્સવ-૨૦૧૨ના સવાર થી સાંજ સુધીના વિવિધ કાર્યક્રમ યોજાઈ રહયાં છે. તા. ૭ મે-૨૦૧૨ના રોજ માણસા તાલુકાના ઈન્દ્રપુરા ગામમાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર દિવસના કાર્યક્રમ અંતર્ગત રાજયના કૃષિ અને સહકાર મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી સાંજના ૬.૦૦ કલાકે આ ગામની ઓચિંતી મુલાકાતે પહોંચી ગયા હતાં. મંત્રીશ્રીએ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ની મુલાકાત લીધી હતી. ગામમાં કેટલા પશુઓ, રોજનું કેટલું દૂધ ડેરીમાં ભરાય છે. તેમજ રાજય સરકારના પશુપાલન ખાતા દ્વારા યોજાતા પશુ આરોગ્ય મેળાની કામગીરી અને કટેલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. જેવી વિગતો ગામના અગ્રણીઓ પાસેથી મેળવી હતી.

મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીએ ગામના ખેડૂતો સાથે ગામમાં વાવેતર કરવામાં આવતા વિવિધ પાકોની, ડ્રીપ ઈરીગેશનથી કટેલી જમીનમાં ખેતી થાય છે, બાગાયત પાકોનું વાવેતર કટેલા ખેડૂતો કરે છે, અને રાજય સરકારના કૃષિ મહોત્સવ અંગેના ખેડૂતોના -તિભાવ સ્વયં મેળવ્યા હતા. તેમજ કૃષિ મહોત્સવ અને પશુપાલન અંગે પણ અન્ય જરૂરી ચર્ચા-વિમર્શ ખેડૂતો સાથે મંત્રીશ્રીએ કર્યા હતા.




કૃષિ મહોત્સવ અંતર્ગત ગામમાં સાંજના ૭.૦૦ કલાકે શરૂ થયેલ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ખેડૂતોને સંબોધન પણ મંત્રીશ્રીએ ગામના ખેડૂતો સાથે બેસી સાંભળ્યું હતું.

## પ્રકૃતિપ્રેમી યાત્રીએ મમ્મી-પપ્પાના 'પેટ લવ'ના શોખને યોગ્ય રીતે જાળવ્યો છે

### ચાર ડૉગી, ગીનીપીગ, લવ બર્ડસ, પૅરટ અને કાચબાઓ સાથે મળીને એક પરિવારની જેમ જ રહે છે

ગાંધીનગરના કલાક્ષેત્રે જાણીતી યાત્રી દવેને ગીતસંગીત અને ગરબાનો શોખ તો ખુબ છે પરંતુ તેને એક શોખ વારસામાં મળ્યો છે તે છે 'પેટ લવ'નો. તેના ઘરમાં જઈએ તો કોઈ નાનકડા ઝૂ માં આવી ગયા હોય તેવુ જ લાગે છે. બે કાચબાઓ, ચાર ડોગી, ગીનીપીગ, પોપટ, લવ બર્ડસની પેર અને મોટા એકવેરીયમમાં ૨૦થી ૨૨ માછલીઓ સાથે જ રહે છે. યાત્રી માટે આ બધા કોઈ પ્રાણી-પક્ષી નથી પરંતુ પરિવારના સભ્યો જ છે અને બધાનુ એક અલાયદુ નામ છે.


યાત્રી કહે છે કે પપ્પાને બર્ડ વોચિંગનો ખુબ શોખ હતો. હું નાની હતી ત્યારે અમે સેક્ટર-૯માં રહેતા. તે વખતે પપ્પા વહેલી સવારે ચાર વાગે



પક્ષીદર્શન માટે સરિતાઉદ્યાન કે ઈન્દ્રોડા પાર્ક ઉપડી જતા. ક્યારેક અમને બહેનોને પણ લઈ જતા. પક્ષીઓના અવાજ પરથી કે પગલાં પરથી તે કયુ પક્ષી હશે તેની પપ્પાને ઘણી જાણકારી. મમ્મી-પપ્પાનો પ્રકૃતિપ્રેમ મને વારસામાં મળ્યો છે. રમકડાં રમવા કરતા મને પ્રાણીઓ-પક્ષીઓ વચ્ચે રહેવુ ખુબ ગમતુ. મમ્મી-પપ્પાનો નેચર અને પેટ પ્રત્યેનો લગાવ મારામાં વારસામાં ઉતર્યો છે તેમ કહુ તો જરાય ખોટુ નથી. રસ્તામાંથી કોઈ ખીસકોલી કે ચકલીનું બચ્ચું મળી આવ્યું હોય તો અમે તેને



ખુબ પ્રેમથી રાખતા. અમારા પરિવારમાં પ્રાણીઓ-પક્ષીઓને ખુબ સારી રીતે રાખવામાં આવે છે. તેની જાણ પાડોશીઓ-મિત્રોને થતાં તેઓ કોઈને કોઈ પેટ ભેટમાં આપતા અથવા સંભાળવા આપતા. મમ્મી દિવ્યાબેનને પણ પ્રાણીઓ પ્રત્યે ખુબ લગાવ હોવાથી અમારા ઘરમાં કોઈપણ પ્રકારના પેટને ખુબ આવકાર મળતો. અમારા ઘરમાં એક લાબ્રાડોર બ્રીડનું ડોગી 'વિસ્કી' છે. થોડાક વર્ષો અગાઉ મારી મોટી બહેન રચનાએ મારા બ્રથ-ડે પર તે મને ગીફ્ટ કર્યું હતું. ગીનીપીગ મારી ફ્રેન્ડની ગીફ્ટ છે તો કાચબા સંબંધીઓ તરફથી મળ્યા છે. હાલમાં અમારા ઘરે ત્રણ પોમેરીયન ડોગી બુનો, બ્રાઉની અને જેની છે, લાબ્રાડોર બ્રીડનું ડોગી 'વિસ્કી', પોપટ હરિપ્રસાદ, લવબર્ડસની પેર, ગીની પીગ, બે કાચબા અને ૨૦ થી ૨૨ જેટલી માછલીઓ છે. આ બધા જ વચ્ચે એટલો પ્રેમ અને સમજણ છે કે તેઓ ક્યારેય એકબીજાને હેરાન નથી કરતા. મમ્મીના અવસાન બાદ ક્યારેક મારે ઘર બંધ કરીને જવુ પડે છે ત્યારે છ થી સાત કલાક તેઓ એકલા જ રહે છે. સમયસર તેમને જમવાનું આપી દેવુ પડે છે અને વર્ષમાં એકવાર વેક્સિનેશન કરાવવું પડે છે. આટલી કાળજી રાખીએ તો કોઈ તકલીફ પડતી નથી. ઘરમાં કોઈ નાનુ આજ્ઞાંકિત બાળક હોય અને આપણી બધી જ સૂચનાઓને અનુસરે તેમ આ બધા જ પેટ મારી વાત સાંભળે છે. ઘરમાં હાજર હોઉ તો મારી આસપાસ જ ફરે. ક્યારેક કોઈને એક બટકુંસુધ્ધા નથી ભર્યું. મારા માટે તો આ જ મારો પરિવાર છે.'



સંબંધ સજાવે જિંદગી

વી આર ફ્રેમીલી

- તબસ્સુમ પઠાણ

gsrelation@yahoo.com

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૦૬

સૂર્યાસ્ત : ૦૭.૦૮

### તાપમાન

મહત્તમ : ૪૦.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૪ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** જન્નત -૨ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** જન્નત : ૧૦.૦૦

તેઝ : ૧૨.૩૦, ૧૦.૧૫

ધ એવેન્જર (હિન્દી) : ૨.૪૫, ૭.૪૫

ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૧૫

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૪.૦૦

જન્નત -૨ : ૧.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** ફેટસો : ૧૦.૦૦

હેટ સ્ટોરી : ૧૨.૩૦

વીકી ડોનર : ૩.૦૦, ૫.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦

તેઝ : ૧૦.૧૫

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** તેઝ : ૯.૩૦, ૨.૩૦, ૧૦.૩૦

વીકી ડોનર : ૧૨.૦૦, ૮.૦૦

હાઉસ ફુલ -૨ : ૫.૦૦

**સ્ક્રીન-૩ :** જન્નત- ૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** જન્નત- ૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

**સૂર્યા, વાવોલ**

જન્નત - ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મોટા ઘરે મારું સાસરીયું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : દિવસ પ્રગતિકારક બની રહે. બુદ્ધિ, તર્ક અને વિચાર શક્તિનો સદુપયોગ તમારા જીવનમાં સકારાત્મક પરિણામ પ્રદાન કરશે. સંતાનના કાર્યોથી સામાજિક પ્રતિષ્ઠામાં આવી શકે છે.ધન લાભ થઈ શકે છે.

**વૃષભ** : રાજકારણીય કાર્યમાં સફળતા મળી શકે છે. નિકટના સંબંધીઓની ઉન્નતિથી મન પ્રસન્ન રહેશે. નોકરીમાં ઈચ્છિત સ્થાનાંતરણ મળી શકે છે. જીવનસાથીથી વૈચારિક મતભેદ થઈ શકે છે.

**મિથુન** : બધી દિશાથી શ્રેષ્ઠ પરિણામ આવી શકે છે. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ આવી શકે છે. નવી પ્રસ્તાવ મનમાં ઉત્સાહ ઉત્પન્ન કરશે. યશ, માન, પ્રતિષ્ઠા, વૃદ્ધિમાં વધારો થઈ શકે છે. જીવનસાથીનું આરોગ્ય સારું રહેશે.

**કર્ક** : લાંબી યોજનાઓનું અમલીકરણ નહીં થાય. તેથી તેનાથી દૂર રહો માનસિક અસ્થિરતા તમારા ખર્ચાઓમાં વૃદ્ધિ કરી શકે છે. વ્યાપારમાં મુશ્કેલીઓ આવવાથી નુકશાન થવાની આશંકા છે.

**સિંહ** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક થઈ શકે છે. વ્યાપારમાં નવીન કરાકો પર કાર્ય આજે પ્રારંભ ન કરો. પોતાની વસ્તુઓને સંભાળીને રાખો. ઈશ્વરમાં રૂચી વધશે.

**કન્યા** : કાર્યની સફળતાને કારણે તમારા યશ અને સંબંધોમાં વધારો થશે. ગૃહસ્થ જીવનનો પૂર્ણ સહયોગ મળી શકશે. વ્યપારમાં નવી યોજનાઓનો શુભારંભ તમારી દ્વારા થવાની સંભાવના છે. વાણી પર સંયમ આવશ્યક છે.

**તુલા** : શત્રુઓ પર વિજયકારક યોગ તમને યશ અને સમ્માન અપાવશે. વિપરીત પરિસ્થિતિમાં પણ તમે પૂર્ણ સફળતા પ્રાપ્ત કરી શકશો. વ્યાપારિક અથવા અંગત કાર્યથી સુખદ યાત્રા થઈ શકે છે.

**વૃશ્ચિક** : ઉચ્ચ કોટીનું કૌટુંબિક સુખ પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સ્ત્રોત મળશે. સ્થાયી મિલકતના કાર્યમાં સફળતા મળી શકે છે. બીજાની ટીકા કરવાથી તમારી છબી ખરાબ થઈ શકે છે.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકે છે. આરોગ્ય સારું રહી શકે છે. આવકથી વધારે ખર્ચ ન થાય તેની કાળજી રાખવી. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. ઈશ્વરમાં અસ્થાવધશે.

**મકર** : મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થતો જણાય. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર વધશે.

**કુંભ** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ શકશે. કુટુંબના વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યપારમાં નવા અને લાભદાયક કરાર થશે. મોટા અને પ્રખ્યાત વ્યકિતથી મળવાનું થઈ શકે છે.

**મીન** : વ્યાપારમાં લાભકારી પરિવર્તન થઈ શકે છે. જીવનસાથીના આરોગ્ય પર ધ્યાન આવશ્યક છે. આર્થિક સ્થિતિ સુદૃઢ રહેશે. નવીન પ્રવૃત્તિઓ લાભકારી રહેશે. મનોવિનોદની તક મળશે. માંગલિક સમારંભોમાં ભાગ લઈ શકશો.

### ચિરવિદાય

● સ્વ. રામજીભાઈ ઓગડભાઈ મકવાણા (ઉ. વ. ૬૭) પ્લોટ નં. ૯૦૭/૨, સેક્ટર- ૨/સી, તા., જિ. ગાંધીનગર